પૂર્વ પ્રાથમિક શિક્ષણ (બાલ અધ્યાપન મંદિર) પ્રિ-પી.ટી.સી.(D.E.C.Ed.) પ્રવેશ નિયમોમાં સુધારા કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ટીસીએમ/૧૪૧૭/સિંગલ ફાઇલ-૪૧/ન
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૫/૭/૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીની તા.૫/૧/૨૦૧૭ ની સીંગલ ફાઇલ ક્રમાંકઃ ૫૩
(૨) ગુજરાત શૈક્ષણિક સંસ્થાઓ વિનિયમો-૧૯૮૪
(3) શિક્ષણ વિભાગના તા.૯/૬/૧૯૯૮ ની જાહેરનામા ક્રમાંકઃ GH/SH/9/TCM-1498/906/98/N
(4) N.C.T.E. ના NOTIFICATION NO. F.51/1/2009/NCTE (N&S) Dt.31/8/2009
(૫) ભારત સરકારના તા.૨૮/૧૨/૨૦૧૬ ના THE RIGHTS OF PERSONS WITH DISABILITIES ACT, 2016.

આમુખઃ-

રાજ્યમાં ચાલતી અનુદાનિત અને સ્વનિર્ભર સંસ્થાઓમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપતી સંસ્થાઓ કાર્યરત છે. જેમાં ધોરણ-૧૦ પછી ૧ વર્ષના સર્ટીફીકેટ કોર્ષ ચલાવવામાં આવે છે. જેના બદલે ધી નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશન (રીકોગ્નીઝ નોર્મ્સ અને પ્રોવીઝન) રેગ્યુલેશન ૨૦૦૯ એપેન્ડીક્ષ-૧ મુજબ ડિપ્લોમા ઇન અર્લી ચાઇલ્ડ વુડ એજ્યુકેશન(D.E.C.Ed.) હેઠળ પ્રી.પ્રાયમરી અથવા પ્રી-સ્કુલ અથવા નર્સરી જેવી સંસ્થાઓએ લાગુ પાડવાના નિયમો કોર્ષની મુદત શૈક્ષણિક લાયકાત સ્ટાફની નિમણૂંક તથા ભૌતિક સુવિધા વગેરેના ધારાધોરણો નકકી કરેલ છે. તે મુજબ હાલ ચાલતી સંસ્થાઓમાં આ ધારાધોરણો એન.સી.ટી.ઇ. નોર્મ્સ મુજબ બનાવવા સરકારશ્રીમાં સક્રિય વિચારણા હેઠળ હતું.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે રાજ્યમાં ચાલતી અનુદાનિત અને સ્વ નિર્ભર સંસ્થાઓમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ(બાલ અધ્યાપન મંદિર) પ્રિ-પી.ટી.સી. (D.E.C.Ed.) કોલેજમાં અભ્યાસ કરવા માટે પ્રવેશ નિયમોમાં ધી નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશન (રીકોગ્નીઝ નોર્મ્સ અને પ્રોવીઝન) રેગ્યુલેશન ૨૦૦૯ એપેન્ડીક્ષ-૧ પ્રમાણે નીચે મુજબનો સુધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

| નિયમ નંબર | નિયમ |
|---|---|
| ૧ | <u>નિયમોઃ-</u><br>આ નિયમો ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહ અથવા ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહ તથા વ્યવસાયલક્ષી પ્રવાહ પરીક્ષા પાસ કર્યા પછીના બે વર્ષના પ્રિ.પી.ટી.સી. અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ આપવાના નિયમો કહેવાશે. |
| ૨ | <u>લાગુ પાડવા બાબતઃ-</u><br>આ નિયમો ગુજરાત રાજ્યની પૂર્વ પ્રાથમિક શિક્ષણ તાલીમ આપતી તમામ એન.સી.ટી.ઇ. માન્યતા પ્રાપ્ત કોલેજોને લાગુ પડશે. |
| ૩ | <u>કેન્દ્રિય પ્રવેશ પદ્ધતિ:</u>-આ નિયમો હેઠળ રાજ્યની પૂર્વ પ્રાથમિક શિક્ષણ તાલીમ આપતી તમામ માન્ય કોલેજોમાં ધોરણ-૧૨ ના પરિણામ બાદ પ્રવેશ ઇચ્છુક ઉમેદવારો પાસેથી અરજીઓ મેળવવામાં આવશે ઉમેદવારે જે સંસ્થામાં પ્રવેશ મેળવવો હશે તે સંસ્થામાં અરજી કરવાની રહેશે સંસ્થાએ પ્રવેશ ફોર્મ નમૂના મુજબ છપાવી વિતરણ કરવાનું રહેશે. સંસ્થાઓએ મળેલ અરજીઓથી મેરીટ ક્રમમાં ગોઠવી મેરીટ યાદી તૈયાર કરવાની રહેશે. આ સળંગ મેરીટ યાદી પ્રાથમિક શિક્ષણ નિયામક પાસે પ્રતિ હસ્તાક્ષર કરાવી લેવાની રહેશે. |
| ૩.૧ | ૩.૧ રાજ્યની પૂર્વ - પ્રાથમિક શિક્ષણ તાલીમ આપતી સંસ્થાઓમાં મુખ્ય બે પ્રકારો છે.<br>(ક) સ્ત્રીઓ માટેની પ્રાથમિક શિક્ષણ તાલીમ કોલેજો કે જેમાં મંજુર ઇન્ટેકની ૧૦૦ ટકા જગ્યાઓ સ્ત્રી ઉમેદવારો માટેની હોય તો તેમાં ફક્ત સ્ત્રી ઉમેદવારને જ પ્રવેશ આપવામાં આવશે<br>(ખ) મિશ્ર પ્રાથમિક શિક્ષણ તાલીમ કોલેજો કે જેમાં ઇન્ટેકની ૧૦૦ ટકા જગ્યાઓ પુરૂષ / સ્ત્રી ઉમેદવારોની મળેલ અરજીઓથી સંયુકત મેરીટ યાદી બનાવી મેરીટના ધોરણે પ્રવેશ આપવાનો રહેશે. |
| ૪ | <u>પ્રવેશ માટેની પાત્રતાઃ</u>- આ નિયમો પૂર્વ-પ્રાથમિક શિક્ષણ તાલીમ આપતી માન્ય કોલેજોમાં પ્રવેશ મેળવવા ઇચ્છુક ઉમેદવારો નીચે મુજબની પાત્રતા ધરાવતા હોવા જોઇશે. |
| ૪.૧ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, દ્વારા લેવાયેલ તમામ પ્રવાહોની પરીક્ષા તથા રાજય અને બીજા રાજયમાં આવેલ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન / (સી.બી.એસ.સી) કાઉન્સીલ ઓફ ધી ઇન્ડીયન સ્કુલ સર્ટીફીકેટ એકઝામીનેશન નવી દિલ્હી (આઇ.સી.એસ.ઇ.) બોર્ડની શાળાઓના ધોરણ-૧૨ની પરીક્ષા તથા ગુજરાત રાજય સિવાયના અન્ય રાજયના માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ (બોર્ડ જે કોઇ નામથી ઓળખાતું હોય)ને ધો-૧૨ની પરીક્ષામાં કુલ ગુણ માથી ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ મેળવેલા હોવા જોઇએ. અનુસુચિત જાતી, અનુસુચિત જનજાતિ અને સામાજીક અને શૈક્ષિણક રીતે પછાત વર્ગો માટે ૫ ટકાની છુટછાટ આપવાની રહેશે. |
| ૫ | મહત્તમ ઉંમર મર્યાદાઃ- પ્રવેશ માટે ઉમેદવારની ઉંમર શૈક્ષણિક વર્ષના આરંભે એટલે કે જે વર્ષના જુલાઇની પ્રથમ તારીખે ૨૪ વર્ષ કરતાં વધુ હોવી જોઇશે નહિ. |
| ૬ | મહત્તમ ઉંમરમાં છૂટછાટઃ- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તથા વિકલાંગ ઉમેદવારોની બાબતમાં વય મર્યાદામાં ૫ વર્ષ ની છૂટછાટ આપવામાં આવશે. |
| ૭ | પ્રવેશનું માધ્યમઃ- ઉમેદવારે જે માધ્યમમાં એસ.એસ.સી. અને એચ.એસ.સી. પરીક્ષા પાસ કરી હશે તે જ માધ્યમની સંસ્થાઓમાં પ્રવેશ મેળવવાને પાત્ર રહેશે. |

| | |
|---|---|
| ૮ | **અનામત બેઠકોઃ**- મૂળ ગુજરાતના વતની હોય તેવા ઉમેદવારો માટે સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર વખતો વખત નક્કી કર્યા મુજબ બેઠકો અનામત રાખવામાં આવશે. |
| ૮.૧ | **અનુસૂચિત જાતિઃ**- અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે-૭ ટકા અનુસૂચિત જાતિઓના ઉમેદવારોએ સક્ષમ અધિકારીની સહી સિક્કા કરેલ અને મેળવેલ જ્ઞાતિ અંગેનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. |
| ૮.૨ | **અનુસૂચિત જન જાતિઃ**-<br>અનુસૂચિત જન જાતિના ઉમેદવારો માટે-૧૫ ટકા<br>અનુસૂચિત જનજાતિઓના ઉમેદવારોએ સક્ષમ અધિકારીની સહી સિક્કા કરેલ અને મેળવેલ જ્ઞાતિ અંગેનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. |
| ૮.3 | **સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોઃ**-<br>સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે-૨૭ ટકા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદાવરોએ જાતિ પ્રમાણપત્ર તેમજ તેમનો સમાવેશ "ઉન્નત વર્ગો"માં થતો નથી તે મુજબનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર પ્રવેશ વર્ષના અગાઉના તા.3૧/3 ના રોજ પુરા થતાં નાણાંકીય વર્ષની આવકના આધારે મેળવેલું હોવું જોઇશે.<br>**નોંધઃ**- ઉપરોક્ત પ્રમાણપત્રોમાં સક્ષમ અધિકારી એટલે યથાપ્રસંગ સબંધીત વહીવટી વિભાગે જાહેર કરેલ સક્ષમ અધિકારી એમ ગણવાનું રહેશે. |
| ૯ | **વિકલાંગ ઉમેદવારો માટે અનામતઃ**- ભારત સરકારના તા.૨૮/૧૨/૨૦૧૬ ના THE RIGHTS OF PERSONS WITH DISABILITIES ACT,2016 ના કલમ-3૨ મુજબ વિકલાંગ ઉમેદવારો માટે ૫% જગ્યા અનામત રાખવાની રહેશે. વિકલાંગ ઉમેદવારોની વિકલાંગતા શિક્ષકના વ્યવસાયને બાધારૂપ ન બને તેવા ઉમેદવારોની ચકાસણી કરી પસંદગી કરવાની રહેશે. |
| ૧૦ | **મેરીટ ગુણ અને તેની સુધારણાઃ**- ધોરણ-૧૨ ની પરીક્ષામાં મેળવેલ ગુણમાં ફેરફાર થતો હોય તેવા ઉમેદવારોએ ખરેખર પ્રવેશ કામગીરી હાથ ધરાય તેના આગળના દિવસ સુધીમાં ગુણ ફેરફાર અંગેનો બોર્ડનો અધિકાર પત્ર/સુધારેલ ગુણ પત્રક પ્રવેશ સમિતિ સમક્ષ રૂબરૂમાં રજૂ કરવાનું રહેશે. અન્યથા બોર્ડ દ્વારા અપાયેલ પ્રથમ ગુણ પત્રકના આધારે નક્કી થતા મેરીટક્રમ મુજબ પ્રવેશ સ્વીકારવાનો રહેશે. ઇન્ટરવ્યુ પ્રોગ્રામ શરૂ થયા બાદ મળેલ બોર્ડનો ગુણ ફેરફાર અંગેનો પત્ર/સુધારેલ ગુણ પત્રક માટે ધ્યાનમાં લેવાશે નહી. |
| ૧૧ | **મેરીટ યાદીઃ**- મળેલ પ્રવેશ ફોર્મની વિગતો અનુસાર કોમ્પ્યૂટર દ્વારા મેરીટ યાદી તૈયાર કરવી તેમાં તમામ અરજી પત્રકો ગુણાનુક્રમે (૧) જનરલ મેરીટ યાદી (૨) જાતિવાર મેરીટ યાદી તૈયાર કરવી અને પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીમાં મેરીટ યાદી પ્રતિ હસ્તાક્ષર કરાવવી મેરીટ યાદી મંજુર થયેથી પ્રવેશપાત્ર ઉમેદવારોના પત્રોથી રવાના કરવા અને તેમને હાજર થવા માટે ૭ દિવસનો સમય આપવો. મેરીટ યાદી નોટિસ બોર્ડ ઉપર તથા આ કચેરીને મોકલી આપવી. પ્રથમ યાદીથી હાજર થયેલ ઉમેદવારોથી ખાલી રહેલ જગ્યાઓ બીજી અને ત્રીજી યાદીથી પુરવા પ્રયત્ન કરવો. આમ કરતા અનામત કક્ષાના ઉમેદવારોનું પ્રમાણ જાળવવાનું રહેશે. |
| ૧૨ | **પ્રિ-પી.ટી.સી. કોલેજોમાં પ્રવેશ માટેની કાર્યરીતિઃ**-<br>પ્રિ-પી.ટી.સી. કોલેજોમાં પ્રવેશ આપવા માટે અનુસારવાની કાર્યરીતિ પ્રાથમિક શિક્ષણ નિયામક અથવા યથાપ્રસંગ અધિકૃત અધિકારી નિર્દિષ્ટ કરે તેવી રહેશે. . |

| | |
|---|---|
| ૧૩ | ફીના ધોરણોઃ-<br>જુદા જુદા પ્રકારની ફી માટેના ધોરણો સરકારના નિર્ણયાનુસાર નક્કી કરવામાં આવશે. સ્વ નિર્ભર સંસ્થાઓમાં પ્રવેશ ફી, સત્ર ફી રૂ.૧૫૦૦૦/- હજાર (પ્રથમ સત્રમાં રૂ.૭૫૦૦/- તથા બીજા સત્રમાં રૂ.૭૫૦૦/-) આ સિવાય સંસ્થા હોસ્ટેલ ફી, ફૂડ બીલ મેળવી શકશે. જે અંગેની જાણકારી પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીને કરવાની રહેશે. |
| ૧૪ | ઉમેદવારોએ માર્કશીટ/પ્રમાણપત્રો જોડવા તથા જમા કરાવવા બાબતઃ-<br>(૧) પ્રવેશ અરજી રજુ કરતી વખતે ઉમેદવારે સબંધિત જરૂરી તમામ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. પ્રવેશ અરજી સાથે પ્રમાણપત્રોની નકલ જોડવાની રહેશે નહિ. ઉમેદવારે અરજી પત્રકમાં કબૂલાત કરવાની રહેશે કે તેમણે દર્શાવેલ તમામ વિગતો સાચી છે.<br>(૨) અસલ પ્રમાણપત્રો જમા કરાવવા બાબતઃ-<br>ઉમેદવાર જે પી.ટી.સી. કોલેજમાં પ્રવેશ મેળવે તે સંસ્થામાં તમામ અસલ પ્રમાણપત્રો જમા કરાવવાના રહેશે. પ્રવેશ રદ કરવાના પ્રસંગે અથવા અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ જ પ્રમાણપત્રો પરત મળી શકશે અન્યથા પ્રમાણપત્રો પરત મળી શકશે નહિ.<br>(૩) ખોટા પ્રમાણપત્રો રજુ કરવા અંગેની શિક્ષાઃ-<br>ચકાસણી દરમ્યાન પ્રમાણપત્રો કે જ્ઞાતિની વિગતો ખોટી સાબિત થશે તો ઉમેદવારની પુરેપુરી ફી જપ્ત થશે તથા તેઓને બે વર્ષ (ચાલુ વર્ષ તેમજ પછીના એક વર્ષ માટે) પ્રવેશ માટે ગેરલાયક ઠરાવવામાં આવશે. |
| ૧૫ | અભ્યાસ સબંધિત વિગતોઃ- એન.સી.ટી.ઇ.ના ધારા ધોરણોનુસાર શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂંક કરવાની રહેશે. કામના દિવસો ૨૦૦ માં ૪૦ દિવસ પ્રેક્ટીકલના રાખવાના રહેશે. અને અભ્યાસક્રમ પુરા બે વર્ષનો રાખવાનો રહેશે. |
| ૧૬ | અર્થઘટન અને સુધારા કરવાની સત્તાઃ- |
| ૧૬.૧ | એવા કેસ કે જેના માટે નિયમોમાં કોઇ જોગવાઇ ન હોય તો તેવી તમામ બાબતોમાં ગમે તે સમયે નિયમોમાં ફેરફાર કરવાનો અથવા નવો નિયમ દાખલ કરવાનો સરકારનો નિર્ણય આખરી રહેશે. |
| ૧૬.૨ | આ નિયમોના અર્થઘટનમાં કોઇ મુશ્કેલી હોય તો તે અંગે પ્રાથમિક શિક્ષણ નિયામકનો નિર્ણય આખરી રહેશે. |

(બી.પી.ચૌહાણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ), બ્લોક-૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર.

- અગ્રસચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ), બ્લોક-૫/૮, નવા સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય. ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન કચેરી, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ). (કમિશ્નરશ્રી, શાળાઓ મારફત).
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત).
- શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ.શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જી.સ્વાન પર મુકવા સારૂ.
- સિલેકટ ફાઇલ/નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.